Saarth E-Journal

Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.8 No.22

Impact Factor : 6.89
Quarterly
April to June 2023

# નવલકથાઓમાં ગ્રામ્યપરિવેશ પ્રારંભનું ગુજરાતી નવલકથાના આધારે અવલોકન

ડો. મુકેશ બી. ચૌહાણ

ગ્રામ્ય એટલે ગામ અને પરિવેશ એટલે આસપાસ. ગામ્યપરિવેશ એટલે ગામનું વાતાવરણ. ગામ્ય જીવન શહેરી જીવન કરતા ઘણું અલગ હોય છે. ગ્રામીણ લોકો પરંપરાગત ખેતી અને પશુપાલનસંસ્કૃતિ કલા સંગીત લોકકથાઓઓથી સમૃદ્ધ છે. "સાહિત્ય'શબ્દમાં સૌના હિતની કામના રહેલી છે, સૌના સાથનો'સાહિત્ય શબ્દ સંસ્કૃત શબ્દ 'સહિત્યસ્યભાવમઈતિ સાહિત્યમ' પરથી આવ્યો છે, જેનો અર્થ થાય છે સાથે રહેવું. જેમાં સાથે રહેવાની લાગણી હોય તેને સાહિત્ય કહેવાય. સાહિત્ય હોવાના સારા, પરસ્પર હિત અને હિતની લાગણી સાહિત્ય દ્વારા પ્રગટ થાય છે. તેથી, સાહિત્ય એ શબ્દો, અર્થ, લાગણીઓ અને વિચારોની સંવાદિતા છે.'૧

સાહિત્યમાં શબ્દ અને અર્થનું હોવું તો સ્વાભાવિક છે; પરંતુ સાહિત્યકૃતિમાં ભાવ અને વિચારનો સમન્વય સાધીને તેની ક્લાત્મક પ્રસ્તુતિ થાય એ વિશેષ આવકાર્ય છે. વળી, આ બધું ચૈતસિક સ્તરે થતું હોય છે તેની અવગણના ન થઈ શકે. જમાને-જમાને રચાતી જતી સાહિત્યકૃતિમાં તત્કાલીન સમયની સામાજિક-રાજકીય-સાંસ્કૃતિક-ધાર્મિક-આર્થિક્-વૈયક્તિક માનુષી ચેતના નિરૂપાતી હોય છે. એ સમસામયિક હોવા છતાં એમાં સ્થળ-સમય અને વર્ગને અતિક્રમી જવાની ક્ષમતા પણ હોય છે. અને જ્યારે સર્જકીય ચેતનાનો આ પ્રકારે આવિષ્કાર થાય છે ત્યારે તે શાશ્વતીનું રૂપ પણ ધારણ કરતી હોય છે. સાહિત્ય સતત મનુષ્ય સમાજની સાથે જ પ્રવાહિત રહે છે. પ્રાચીન સમયથી મનુષ્ય નિજી સંવેદના, વિચાર,કલ્પના,સ્વપ્નો-વાસ્તવ,સ્થળ અને સમયની ચેતનાને પણ સર્જતો રહ્યો છે. સાહિત્ય મનૃષ્ય સમાજ પાસેથી સંવેદન અને વિચારને પ્રાપ્ત કરીને સમૃદ્ધ થતું રહે છે.આ રીતે સાહિત્ય કલ્પના, સંવેદન અને વિચારનો ભંડાર બન્યું છે. મનુષ્ય એક સંવેદનશીલ, વિચારશીલ અને કલ્પનાશીલ પ્રાણી છે. એ પોતાની આસપાસના પરિવેશ જુએ-જાણે-સંવેદે અને અનુભવે છે. આ દર્શન તેનામાં લાગણીઓ, કલ્પના અને વિચારને જન્માવે છે અર્થાત મનુષ્યમાં માનસિક પ્રતિક્રિયાઓ થવા માંડે છે, અમૂર્ત ભાવો સર્જાવા માંડે છે અને હૃદયમાં પણ સંવેદનાનો હિલ્લોળો લહેરાવા માંડે છે. આમ, મનુષ્ય સમાજ અને જીવનની વિવિધ પરિસ્થિતિઓ સાહિત્યકૃતિના માધ્યમથી પ્રગટતી રહે છે. સાહિત્યકૃતિમાં સર્જક નિજી ચેતનાની સક્ષમ,સંવેદનીય અને વૈચારિક

અભિવ્યક્તિ સાધે છે. સર્જક-કલાકારે બાહ્યજીવનના દર્શન-પરીક્ષણ દ્વારા જે વિચાર્યું હોય, સંવેદ્યું જૌય, સમજણ પ્રાપ્ત કરી હોય, કલ્પના કરી હોય અને જે દર્શન-ચિંતન લાધ્યું હોય તેનું પ્રતિનિધાન સાધતો હોય છે. સર્જેકીય ચેતનાનું આ રૂપ શહેરી, ગ્રામ, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક-એમ વિવિધ રીતે પ્રગટે ત્યારે તેને શહેરીચેતના,ગ્રામ-ચેતના,સામાજિક ચેતના વગેરેથી ઓળખવામાં આવે છે.

'ગ્રામજીવન શબ્દગુચ્છ બે જુદા જુદા શબ્દોની બનેલો છે. ગ્રામ' અને "ચેતના'. આ બન્ને શબ્દોને અલગઅલગ રીતે જોઇએ તો બન્ને શબ્દો કંઇક સામાન્ય પ્રકારના જણાય છે.જો કે,બન્ને શબ્દોને એક સાથે મૂકીને જોતાં જણાય છે કે, એ શબ્દો સાહિત્યિક પરિભાષામાં વપરાય છે અને આ શબ્દો અવારનવાર વિવેચનમાં પણ ઉપયોગમાં લેવાય છે.

અર્વાચીન સમયમાં "ગામ", "ગામડું, "જનપદ' એવા શબ્દો પ્રયોજવામાં આવે છે. એમાં "ગામ'એ સંસ્કૃતના "ગ્રામ'શબ્દ ઉપરથી આવ્યો છે. અંગ્રેજીમાં તેના માટે "village' અને "hamlet" જેવા શબ્દો છે'૨

આપણા વ્યાકરણ આચાર્ય પાણિનીએ પણ "ગ્રામ'શબ્દની વ્યુત્પત્તિ કરી છેઃ તેઓ 'ગ્રામ'શબ્દને એક જીવંત ધાતુના રૂપમાં સ્વીકારે છે. જેનો અર્થ આમંતણ એવો થાય છે. એમના મતે જીવનને આમંત્રણનો આપવાનો અર્થ છે. "ગ્રામ શબ્દની વ્યુત્પત્તિ "ગ્રસ્ત" ધાતુમાં "મન પ્રત્યય લાગવાથી સ્વીકાર્ય બની છે. "ગ્રસ્ત'ધાતુનો અર્થ થાય છે; ગ્રસ્ત કરવું' અર્થાત "પોતાનામાં વિલિન કરવાની શક્તિ ધરાવનાર સ્થાન એટલે ગામડું'.૩

આમ, અહીં એમણે "ગ્રામ' શબ્દનો વ્યુત્પત્તિગત અર્થ આપવાનો પ્રયત્ન કરેલો જણાય છે. 'ભગવદ-ગો-મંડલ'માં પણ "ગ્રામ' ને "ગામના વિવિધ અર્થો આપેલા છે. જેમાં "ગામ'એટલે વતન, રહેઠાણ. શહેર અથવા નગરથી નાનું ગામડું, જ્યાં કેટલાક ઘર અને થોડા માણસોની વસ્તી હોય તે ગામડું કહેવાય છે.જરા વધારે વસ્તી હોય તે જગ્યાને ગામ કહે છે.'૪

અહીં ગામ કે ગામડું કોને કહેવાય તે દર્શાવાયું છે, પરંતુ આજે આ બન્ને શબ્દો એકબીજાના પર્યાય તરીકે જ પ્રયોજાતા જોવા મળે છે. 'ગામ' એ ગુજરાતીમાં મૂળ સંસ્કૃત શબ્દ "ગ્રામ"નું પ્રાકૃત સ્વરૂપ છે. ગામ એટલે "શહેરથી નાના પાયા પરનું માણસના વસવાટનું સ્થળ''. ભગવદ્ગોમંડળમાં 'ગામ' શબ્દનો અર્થ આ પ્રમાણે નોંધવામાં આવ્યો છે : "શહેર અથવા નગરથી નાનું ગામડું; જ્યાં કેટલાંક ઘર અને થોડીક વસતિ હોય એવું ઠેકાણું" ઉપરોક્ત "ગામ' શબ્દનાં અર્થમાં 'ગામ' અને "ગામડું' શબ્દો વચ્ચે કોઇ ભેદરેખા દોરવામાં આવી નથી, પરંતુ અંગ્રેજી શબ્દકોષમાં ગામ માટ village' શબ્દ પ્રયોજાય છે, Dictionary પ્રમાણે કહેવામાં આવ્યું છે 'Group of Houses etc. larger than hamlet and smaller thantown 'hamlet' છે; 'Small village especially one withoutChurch'૫

'Hamlet' એટલે એવું ગામડું જયાં વસતી એટલી નહિવત્ હોય કે જયાં ચર્ચ પણ હોતું નથી. ઉપરોકત શબ્દાર્થોને ધ્યાનમાં રાખવામાં આવે તો આપણે કહી શકીએ કે થોમસ હાર્ડિ અને ચુનીલાલ મડિયા એમની નવલકથાઓમાં 'Village એટલે કે એક ગામની વાતો કરે છે.

રવિશંકર મહારાજ અને કાકાસાહેબ કાલેલકર પણ ગામડા વિશ નોંધે છે : (1) મહેનત કરીને જીવવા માટે ભેગો મળેલો સમૂહ તે ગામડું અને ભેગા મળીને જીવે તે ગામડાની સંસ્કૃતિ અને ભેગું કરીને જીવે તે શહેરી સંસ્કૃતિ'૬

જયારે કાલેલકર "લોક્જીવન'માં ગામડાની ઓળખ આપતા નોંધે છે. જે ગામના લોકી પોતાને હંમેશના સામાન્ય વપરાશને માટે જોઇતો માલ પોતે જ હાથકારીગરીથી તૈયાર કરતા હોય અથવા તે ખરીદવાને માટે

પરગામ જતા હોય તે ગામડું સમજવુ" અને " જે ગામના અધિકાંશ લોકોનો ખેતી સાથે હંમેશનો અને પ્રત્યક્ષ સંબંધ હોય તેને ગામડું સમજવું?.૭

આ બન્નેએ એમના કથનોમાં ગામડાની એક ઓળખ સ્પષ્ટ કરી છે. એમાંથી અનુક્રમે એક ગ્રામજીવન અને તેમની સભ્યતા- સંસ્કૃતિની વાત કરે છે જ્યારે બીજા ગ્રામીણ વ્યક્તિના સ્વાભિમાન, તેમના પરિશ્રમ અને સમૂહની ભાવનાને બિરદાવે છે.

`ઝવેરચંદ મેઘાણી કૃત 'સોરઠ તારાં વહેતા પાણી', ૧૯૩૭ માં એ પ્રગટ થઈ ત્યારે લેખકે તેને 'ઇતિહાસ કથા' તરીકે ઓળખાવેલી. પરંતુ આપણે જેને 'જાનપદી નવલકથા' કહીએ છીએ એનો એ પ્રથમ-પહેલો ઉઘાડ બની રહે છે. ગામડાંના અસલી સ્વરૂપનો પહેલવહેલો અનુભવ એ કરાવે છે. સ્વયં લેખકે એને- "આ સોરઠી જીવનની જનકથા છે. એ કથાનો નાયક આખો જનસમાજ છે. એના પાત્રો સોરઠી જનજીવનની મૂળ-માટીમાંથી ઘડયાં છે એટલે એમાં એક જનસમુદાયનો અને વાતાવરણનો ઇતિહાસ છે." આ નવલકથામાં આકસ્મિક રીતે જ ગ્રામજીવનના આગળ તરી આવતા લક્ષણો ઊઘડયા છે. ગ્રામજીવનની સંસ્કૃતિક આબોહવા એની રગેરગમાં છે. પાત્રસૃષ્ટિમાં તત્કાલિન જનસમાજનું પ્રતિબિંબ યથાતથ ઝીલાયું છે. પ્રજા માનસની છબી, તેના રીત-રિવાજ, શુકન-અપશુકન, વહેમ, વેશ-પહેરવેશ, રહેણી-કરણી, બોલ-ચાલ વગેરેનું વિગત પ્રચુર રેખાંકન થયું છે. ગ્રામપ્રદેશની રંગપૂરણી માટે લોકમાન્યતાઓ, લોકબોલી, રૂઢીઓ, લોકસાહિત્યના ભજનો ઈત્યાદીનો વિનિયોગ એમાં કરાયો છે. ઉદાત્ત ભાવનાઓ અને જીવન મૂલ્યોને તટસ્થતાના જોખમે મેઘાણીએ વાચા આપી છે. જેના પરિણામે કેટલીક મર્યાદાઓમાં કૃતિ અટવાઈ છે. છતાં કશાય અભિનિવેશ વિના ગ્રામજીવનની ભૂમિ ખેડનારી કૃતિ તરીકે 'સોરઠ તારાં વહેતાં પાણી' નું ઐતિહાસિક મૂલ્ય અદકેરું છે.

'વસુંધરાના વહાલાં દવલા' (૧૯૩૭) માં સમાજના ઉપેક્ષિત પાત્રોની દુનિયાનું વાસ્તવિક નિરૂપણ થયું છે. 'વેવિશાળ' (૧૯૩૯) માં શહેરી સભ્યતાના આકર્ષણ તળપદા સંસ્કારના મૂળિયાં ઉખેડી નહીં નાખવાની ચર્ચા થઈ છે. 'તુલસી ક્યારો' (૧૯૪૦) માં ગ્રામીણ સંસ્કૃતિમાં પાંગરેલા સંયુક્ત કુટુંબની ત્યાગ ભાવનાની મુદ્રા મુખારિત થઈ છે. આ ત્રણે નવલકથાના પાયામાં ગ્રામજીવન હોવા છતાં મેઘાણીનું લક્ષ્ય સંસ્કૃતિક જીવન મૂલ્યોની માવજત કરવાનું રહ્યું છે. એટલે તેમાં 'સોરઠ તારાં વહેતાં પાણી' જેવી ગ્રામભૂમિની સોડમ અનુભવતી નથી. છતાં ગ્રામજીવનની તાસીરનો અનુભવ આપવામાં એ જરાય ઊણી ઊતરતી નથી.

આ જ ગાળામાં ધૂમકેતુએ 'પરાજય' (૧૯૩૯) માં પરિશ્રમી જીવનની શહેરી જીવન પરની સરસાઈ દાખવવાનો થયો છે. પરંતુ તેમાં ભાવના અને વાસ્તવનો મેળ પડ્યો નથી. આ ગાળામાં આવતા ગુણવંત આચાર્ય કચ્છ-સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના તળજીવનને બાથમાં લે છે, પણ એ દરિયાઈ સાહસની રંજન કથાઓ જ બની રહી છે. એમની પાસેથી કશું સત્વશીલ મળ્યું નથી.

રમણલાલ દેસાઇ, ઝવેરચંદ મેઘાણી કે ધૂમકેતુ વગેરે સર્જકોએ મુગ્ધ નજરે ગામડાંના જીવનને નિહાળ્યું હતું પરંતુ એ પછી આવતા પન્નાલાલ પટેલે યથાર્થ નજરે ગામડાને નિહાળ્યું હતું. ગામડામાં જન્મીને ખેતીથી માંડી બીજા અનેક ગ્રામીણ કાર્યો અને કારોબારનો અનુભવ પામેલા પન્નાલાલની દ્રષ્ટિ વાસ્તવ પારાયણ થઈ હોય, એમના દ્વારા રચાયેલી નવલકથાઓથી આ જાતની ગુજરાતી નવલકથા વાસ્તવિક ધરાતલ પર મુકાય. તેમની 'મળેલા જીવ', 'માનખાવતાર', 'મીણ માટીના માનવી', 'કંકુ', 'ભાંગ્યાના ભેરુ', 'ઘમ્મર વલોણું' વગેરે નવલકથામાં પ્રદેશ, પરિવેશ, સમાજ, પાત્ર, ભાષા ગામડાના છે. લેખક પોતે જે ગ્રામ સમજમાંથી આવે છે તે ગ્રામ સમાજની વિશેષતાઓ અને લાક્ષણિકતાનો આવિષ્કાર થયેલો તેમાં જોવા મળે છે. એવું જ એમની લઘુનવલો - 'વળામણા', 'પાછલે બારણે', 'સાચાં શમણાં', 'ફકીરો', અને 'વળી વતનમાં' - નું પણ છે. આમ, છતાં આ

જાતની નવલકથાઓમાં પ્રસંશનીય નવલકથા તો કહી શકાય 'માનવીની ભવાઈ'. જો કે એમાં કથાવસ્તુ તો હૈયા અને પેટની ભુકહની છે. પણ એ ગ્રામ પરિવેશમાં પાંગરી છે. છપ્પનિયા દુકાળનો ભોગ જ્યારે આખો મલક બને છે ત્યારે નાયક અને નાયિકાની પ્રેમકથા માત્ર નિમિત્ત બની રહે છે. એને સહારે લેખક જે જે સમાજના સંતાનો છે એ સમાજના પ્રકૃતિક, સામાજિક, સાંસ્કારિક પરિવેશને સાકર કરે છે.

**સંદર્ભો**


૧. "સાહિત્ય : પ્રભાવ અને પ્રતિ--ભાવ', ચંદ્રકાન્ત શેઠ, આદર્શ પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭, પૃ. ૨

૨. બૃહદ ગુજરાતી કોશ, પૃ. 322

૩. પૃ. ૧૫૨, સંસ્કૃત-અંગ્રેજી જોડણીકોશ વામન શિવરામ આપ્ટે

૪. "ભગવદ્ગોમંડલ : પ્રકાશક - ભગવતસિંહજી - પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પુનર્મદ્રણ-૧૯૮૬, પૃ.૪૫૫.

૫. વીકીપીડિયા

૬. મહારાજ,રવિશંકર : "ગ્રામરચના' : સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ. મુખપૃષ્ઠ ઉપરથી

૭. કાલેલકર,કાકાસાહેબ : "લોકજીવન' : નવજીવન પ્રકાશન, અમદાવાદ.મુખપૃષ્ઠ ઉપરથી